**અમદાવાદ (ગ્રામ્ય) ચોથા ચીફ જયુડીશ્યલ/જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ)ની કોર્ટમાં, મુ. મીરઝાપુર, અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૯૨૨૭/૧૯**

**આંક–**

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઓ : અમૃતલાલ નથુદાસ પટેલ .

**ગુન્હો : ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ઈ.પી.કો કલમ. ૨૭૯ એમ.વી.એકટ કલમ. ૧૭૭,૧૮૪,૧૮૧ મુજબ.........**

**:: ચુકાદો ::**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે તા. ના રોજ કલાક વાગ્યે આરોપીએ ગુન્હો કરેલ હોય, આરોપી વિરુધ્ધ ગુન્હાની ફરીયાદ નોંધી, તપાસ પુર્ણ કરી આ અદાલતમા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ઈ.પી.કો કલમ. ૨૭૯ ,૩૩૭, એમ.વી.એકટ કલમ. ૧૭૭,૧૮૪ મુજબના ગુન્હા અંગેનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામા આવી. ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ હોવાનુ જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ **આંક– ૫** થી આપેલ છે. ત્યારબાદ સદર ગુન્હા સબંધેની આરોપીની પ્લી **આંક– ૪** થી નોધવામા આવેલ છે જેમા પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનુ જણાય છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામા આવ્યા બાદ આરોપીને ગુન્હાની કબુલાત નોધી આ કામે રેકર્ડ ઉપર લેવામા આવેલ છે અને આરોપીને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની ઈ.પી.કો કલમ. ૨૭૯ ,૪૨૭, એમ.વી.એકટ કલમ. ૧૭૭,૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તક્ષિરવાન ઠરાવવામા આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ છે અને લેખીત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ માણસ છે, પ્રથમ વખત ભુલ થયેલ છે. કુટુંબ કબીલાવાળા માણસ છેછ, કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે. ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યકત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહી કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરીયાદ પક્ષ તરફથી એવુ કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનુ જણાય છે. તેમજ કુટુંબના જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચાતાપ ધ્યાને લેતા તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહી કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીને સુધારવાની તક આપવી જોઈએ. આવા સંજોગોમા આરોપીની સામેનુ તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઈ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લેતા,આરોપીની વિરુધ્ધ આ પ્રથમ પ્રકારનો હોય, ન્યાયના હીતમા, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

**આરોપી–** સંજયભાઈ નારણભાઈ રહે. અમદાવાદ. વાળાને ફોજદારી કાર્યરીતી સંહીતા , ૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ની **ઈ.પી.કો કલમ. ૨૭૯ , એમ.વી.એકટ કલમ. ૧૭૭,૧૮૪,૧૮૧** મુજબના ગુન્હામા તકસીરવાન ઠરાવી આરોપીને **રૂા.૧૨૦૦/–** (બારસો રૂપીયા પુરા ) નો દંડ કરવામા આવે છે.

જો આરોપી દંડ ન ભરે તો તેઓએ ત્રણ દીવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આરોપીના જામીન ખત અને જાત મુચરકા રદ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ: ૧૪ મી, માહે: ડિસેમ્બર , સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૧૨/૨૦૧૯ (ટી.એ.ભાડજા)
*અમદાવાદ* *ચોથા એડી.જયુ.મેજી.ફ.ક. જજ,*
*અમદાવાદ ગ્રામ્ય*
*યુ.આઈ.સી.કોડ નં.૦૧૩૯૯*